# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-03-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM VADNAGAR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું: 'કીર્તિ તોરણ, શર્મિષ્ઠા તળાવ, તાનારિરિ પાર્ક, બુદ્ધિસ્ટ મૉનેસ્ટ્રી, થીમ પાર્ક જેવા વારસાના કારણે વડનગર દેશવિદેશના પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.' મહેસાણામાં વડનગરના પૌરાણિક અને પ્રસિદ્ધ હાટકેશ્વર મંદિરમાં આયોજિત ત્રણ દિવસના મહોત્સવમાં શ્રી પટેલે આ મુજબ જણાવ્યું હતું.

રાજ્યના મહત્વના તીર્થસ્થાનોમાં ગણાતા વડનગર ખાતેના હાટકેશ્વર મહાદેવ મંદિરનું ધાર્મિક અને ઐતિહાસિક મહત્વ અજોડ હોવાનું પણ શ્રી પટેલે ઉમેર્યું હતું.

## (બાઈટ: ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

દરમિયાન શ્રી પટેલે ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા પાંચ કરોડ 53 લાખ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા લાઈટ એન્ડ સાઉન્ડ શૉ, સુવર્ણ શિખર અને ધ્વજારોહણ તથા નવી નિર્માણ થયેલી યજ્ઞશાળાનું લોકાર્પણ કર્યું. આ પ્રસંગે શ્રી પટેલ શિવ પંચાયત પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં પણ ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, હાટકેશ્વર મંદિર લાઈટ એન્ડ સાઉન્ડ શૉની સુવિધા ધરાવતું રાજ્યનું સાતમું પ્રવાસન યાત્રાસ્થળ બન્યું છે.

. . . . . . . . . . . .

# SURENDRANAGAR LIQUID

સુરેન્દ્રનગરના વઢવાણમાં એક વખારમાંથી પોલીસ શંકાસ્પદ જ્વલનશીલ પ્રવાહીનો જથ્થો જપ્ત કર્યો છે. વઢવાણના ગેબનશાપીર વિસ્તારના વખારમાંથી જ્વલનશીલ પ્રવાહીનો 61 હજાર લિટર જથ્થો મળી આવ્યો હતો. આ અંગે નાયબ જિલ્લા પોલીસ અધિક્ષક વિશુભા જાડેજાએ માહિતી આપી.

**(બાઇટ: વિશુભા જાડેજા, Dy.SP)**

. . . . . . . . . . . .

# AMDAVAD TRAIN ASAR

અમદાવાદમાં બૂલેટ ટ્રેન પરિયોજનાની કામગીરી દરમિયાન લોંન્ચિંગ ગડર ક્રેન ધરાશાયી થતાં અમદાવાદ અને મુંબઈ વચ્ચે મોટા ભાગની ટ્રેનને અસર થઈ છે. આ દુર્ઘટનામાં બે લોકોના ઈજા થયાના પણ અહેવાલ છે. અમદાવાદ આવતી અનેક ટ્રેનને વડોદરા તરફ વાળવામાં આવી છે. એટલે, અમદાવાદ ઉતરનારા યાત્રીઓએ વડોદરા, નડિઆદ અને આણંદ ઉતરવું પડશે. અમદાવાદ રેલવેના જનસંપર્ક અધિકારી અજય સોલંકીએ આ અંગે માહિતી આપી.

(બાઈટઃ અજય સોલંકી, જનસંપર્ક અધિકારી, અમદાવાદ રેલવે)

. . . . . . . . . . . .

# DIV FORT

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના કિલ્લામાં ફરવા માટે પર્યટકોએ ચાર્જ ચૂકવવો પડશે. 15 વર્ષથી ઓછી વયના બાળકોએ 75 રૂપિયા, 15 વર્ષથી વધુ વયના એ 100 રૂપિયા ચૂકવવા પડશે. જ્યારે વિદેશી પર્યટકો 200 રૂપિયા ચૂકવી કિલ્લામાં ફરી શકશે. ઉલ્લેખનીય છે કે દીવના આ કિલ્લામાં ફરવા તથા પોર્ટુગલ શાસન દરમિયાનની અનેક સ્મૃતિઓ લોકો નિ:શુલ્ક નિહાળી રહ્યા હતા. હવે આગામી સોમવારથી ચાર્જ ચૂકવી કિલ્લામાં ફરી શકાશે.

. . . . . . . . . . . .

# GANDHINAGAR STRIKE

ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે આરોગ્ય કર્મચારીઓની હડતાળ હજુ યથાવત છે. ખાતાકીય પરીક્ષા રદ્દ કરવી, ટેક્નિકલ કેડરમાં સમાવેશ કરવાની માગ સાથે આરોગ્ય કર્મચારીઓ હડતાળ પર ઉતર્યા છે.

. . . . . . . . . . . .

# CHHOTA UDEPUR TALIM

છોટાઉદેપુર જિલ્લાનાં કલેક્ટર ગાર્ગી જૈને આજે સબ જેલમાં 13 દિવસ ચાલનારી તાલીમ શિબિરનો પ્રારંભ કરાવ્યો. આ શિબિરમાં 35 કેદીઓ સ્વરોજગાર તાલીમ મેળવશે. કેદીઓ જેલમાંથી મુક્ત થયાં બાદ આજીવિકા મેળવી શકે તે હેતુથી બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાનના સહયોગથી જૂથ

પ્રોડક્ટ ઉદ્યમી તાલીમ શિબિરનો શુભારંભ કરાયો છે. વિવિધ નિષ્ણાતો દ્વારા 32 પુરુષ અને ત્રણ મહિલા કેદીઓને તાલીમ અપાશે.

. . . . . . . . . . . .

# DWARKA MANDIR KHATMUHURT

કેબિનેટ મંત્રી મુળૂભાઈ બેરાએ આજે દેવભૂમિદ્વારકામાં ગાંધવી હર્ષદ ખાતે આઠ કરોડથી વધુના ખર્ચે ‘હર્ષદ માતા મંદિર પરિસર’ની વિકાસ કામગીરીના પહેલા તબક્કાનું ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે શ્રી બેરાએ કહ્યું: ‘ભારત સરકારના પ્રવાસન વિભાગની સ્વદેશ દર્શન યોજના અંતર્ગત મંદિર પરિસરનો બે તબક્કામાં વિકાસ કરાશે. આ માટે 25 કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે.’ રાજ્ય સરકાર દ્વારા વધુને વધુ પ્રવાસીઓ આપણા રાજ્યમાં આવે તેવું આયોજન કરવામાં આવી રહ્યું હોવાનું પણ શ્રી બેરાએ ઉમેર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, સમગ્ર મંદિર પરિસરના વિકાસ માટે પહેલા તબક્કા અંતર્ગત વિવિધ પ્રાથમિક સુવિધાઓનો વિકાસ કરાશે, જેમાં ટૅક્સી, કાર અને દ્વિચક્રી વાહન માટે પાર્કિંગ, શૌચાલયની વ્યવસ્થા, રાહદારીઓની શેરી, નાના બાળકો માટે રમવા માટેનો વિસ્તાર અને વડીલોને બેસવાની વ્યવસ્થા સહિત અન્ય સુવિધાઓ વિકસાવાશે.

. . . . . . . . . . . .